Letter No: GAD/0840/05/2023 Dt: 17-06-2023

DEPARTMENT OF SCIENCE & TECHNOLOGY
REGISTRY] [POST/COURIER] [E-MAIL
[CENTRAL REGISTRY] [BY HAND] [FAX
DATE 23-6-23 TIME

ક્રમાંક:-GAD/POF/e-file/1/2023/3528/Y
સામાન્ય વહીવટ વિભાગ,૭/૪,
સરદાર ભવન,સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-

**વંચાણે લીધા ક્રમાંક:-**

(૧) સામાન્ય વહીવટ વિભાગ(આયોજન)નો ઠરાવ ક્રમાંક:વજઅ/૧૧૮૯/૧૫૪૨/ચ, તા.૧૮/૦૮/૧૯૮૯

(૨) સામાન્ય વહીવટ વિભાગ(આયોજન)નો ઠરાવ ક્રમાંક:વજઅ/૧૫૨૦૧૭/૨૮/ચ, તા.૨૭/૦૩/૨૦૧૭

(૩)સામાન્ય વહીવટ વિભાગ(આયોજન)નો ઠરાવ ક્રમાંક:વજઅ/૧૫૨૦૧૮/૫૧૪/ચ, તા.૨૧/૦૫/૨૦૧૮

**આમુખ:-**

વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના ઠરાવથી વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ધારાસભ્યશ્રીઓને પોતાના મતવિસ્તારમાં સ્થાનિક અગત્યતા ધરાવતા સામુહિક વિકાસના કામો હાથ ધરી શકે તે માટે મતવિસ્તાર દીઠ વાર્ષિક ધોરણે માટે રૂ.૧૫૦ લાખ ફાળવવાનું ઠરાવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના ઠરાવથી અવસાન અથવા અન્ય કોઈ કારણોસર ધારાસભ્યોશ્રીની જગ્યા ખાલી પડવાને કારણે તેમના મતવિસ્તારના કામોની દરખાસ્તો મંજુર કરવા માટે સંબધિત ધારાસભ્યશ્રીને વિકેન્દ્રિત જિલ્લા આયોજનની જોગવાઈમાંથી ફાળવેલ રકમ સંબંધિત જિલ્લા આયોજન મંડળને હવાલે મુકવાનો અને આ રકમનો ઉપયોગ જિલ્લા આયોજન મંડળે જરૂરી શરતોને આધીન કરવાનો રહેશે તેમ ઠરાવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના ઠરાવથી મહાનગરપાલિકાના ભૌગોલિક સીમા વિસ્તારમાં સમાવિષ્ટ મતવિસ્તારોના ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ કલેક્ટરશ્રીના બદલે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને હવાલે મુકવામાં આવશે તેમ ઠરાવેલ છે. મહાનગરપાલિકાના ભૌગોલિક સીમા વિસ્તારમાં સમાવિષ્ટ મતવિસ્તારોના ધારાસભ્યશ્રીઓના અવસાન અથવા અન્ય કોઈ કારણોસર જગ્યા ખાલી પડવાને કારણે તેમના મતવિસ્તારના કામો માટે વિકેન્દ્રિત જિલ્લા આયોજનની જોગવાઈમાંથી ફાળવેલ રકમ કોના હવાલે મુકવી તે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

મહાનગરપાલિકાના ભૌગોલિક સીમા વિસ્તારમાં સમાવિષ્ટ મતવિસ્તારોના ધારાસભ્યશ્રીઓના અવસાન અથવા અન્ય કોઈ કારણોસર જગ્યા ખાલી પડવાને કારણે તેમના મતવિસ્તારના કામો માટે વિકેન્દ્રિત જિલ્લા આયોજનની જોગવાઈમાંથી ફાળવેલ રકમ શહેરી વિકાસ શહેરી ગૃહ નિર્માણ વિભાગના The Gujarat Provincial Municipal Corporation Act, 1949 હેઠળ મહાનગરપાલિકા ખાતે રચાયેલ સ્ટેન્ડિંગ કમિટી હસ્તક નીચેની શરતોને આધીન મુકવાની રહેશે.

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજનની દરેક જિલ્લાને પ્રતિવર્ષ ફાળવવામાં આવતી વિવેકાધીન જોગવાઈની રકમ ખર્ચવા માટે જે નિયમો અને ધારાધોરણો પ્રવર્તમાન છે તે જ નિયમો અને ધારાધોરણો મહાનગરપાલિકાના ભૌગોલિક સીમા વિસ્તારમાં સમાવિષ્ટ મતવિસ્તારોના ધારાસભ્યશ્રીઓને ફાળવવામાં આવતી રકમ ખર્ચવા માટે લાગુ પડશે.

(૨) મહાનગરપાલિકાના ભૌગોલિક સીમા વિસ્તારમાં સમાવિષ્ટ મતવિસ્તારોના ધારાસભ્યશ્રીઓનો મતવિસ્તાર એક કરતા વધારે વોર્ડમાં આવેલ હોય તો જોગવાઈના પ્રમાણમાં વસતિના ધોરણે દરખાસ્તો સ્વીકારવાની રહેશે.

(૩) ધારાસભ્યશ્રી ગ્રાન્ટમાંથી મંજુર કરવામાં આવતા કામો અંગેની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સી.એમ.ઠક્કર)**

**નાયબ સચિવ(MLP)**

**સામાન્ય વહીવટ વિભાગ**

પ્રતિ,

- એ.જી.કચેરી, અમદાવાદ/રાજકોટ.
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, અમદાવાદ, રાજકોટ, જામનગર, વડોદરા, સુરત (મહાનગરપાલિકા વિસ્તારના ધારાસભ્યશ્રીઓને જાણ કરવાની વિનંતી સહ)
- જિલ્લા કલેક્ટરશ્રીઓ, અમદાવાદ, રાજકોટ, જામનગર, વડોદરા, સુરત
- જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, અમદાવાદ, રાજકોટ, જામનગર, વડોદરા, સુરત
- જિલ્લા આયોજન અધિકારીશ્રીઓ, અમદાવાદ, રાજકોટ, જામનગર, વડોદરા, સુરત
- જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ, અમદાવાદ, રાજકોટ, જામનગર, વડોદરા, સુરત
- સામાન્ય વહીવટ વિભાગ/રોકડ-૧ શાખા(૨ નકલમાં), લ-શાખા / ચ-૧ શાખા
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર(રોકડ-૧ શાખા મારફત)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- ઉપ સચિવશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, આ ઠરાવ GSWAN ઉપર મુકવાની વિનંતી સહ.

Signature valid
Signed by:C M Thakkar
Deputy Secretary
Date: 2023.06.17
12:53:25 +05:30

File No: GAD/POF/e-file/1/2023/3528/Y (District Planning) - Section
Approved By: Rakesh Shanker(Secretary (Planning),GAD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Letter No: GAD/0840/05/2023 Dt: 17-06-2023

DEPARTMENT OF SCIENCE & TECHNOLOGY
REGISTRY[ ] POST/COUREIER [ ] E-MAIL
[ ✓] CENTRAL REGISTRY [ ] BY HAND [ ] FAX
DATE 27-6-23 TIME..................

નકલ રવાના:

૧. અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨. અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨. સચિવશ્રી(આયોજન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩. શાખા પસંદગી ફાઈલ-૨૦૨૩.

Signature valid
Signed by:C M Thakkar
Deputy Secretary
Date: 2023.06.17
12:53:25 +05:30